નવો સંસદીય રિવાજ

સંસદના બંને સદનોમાં જે રીતે સતત બીજા દિવસે પણ હોબાળો જ જોવા મળ્યો, તેનાથી કેટલાય નિષ્કર્ષ પર પહોંચવા સિવાય બીજો કોઈ ચારો નથી કે મોટાભાગના વિપક્ષી દળો ચર્ચાને બદલે નારેબાજીમાં વધુ રસ દેખાડી રહ્યા છે. તેની પુષ્ટિ એનાથી પણ થાય છે કે તેઓ સદનમાં જાતજાતના નારા લખેલી તક્તીઓ લઈને આવે છે અને નારેબાજી કરતા પણ દેખાયછે. એ કેટલું યોગ્યછે કે સાંસદ નારા લખેલી તક્તીઓ ટીવી કેમેરા સામે લહેરાવવાની કોશિશ કરે? શું આ આચરણ એવું નથી જે સડકો પર થતું હોય કે પછી એક સમયે ધરણાં-પ્રદર્શન માટે ચર્ચિત જંતર-મંતર પર જોવા મળતું હતું? આખરે આપણા સાંસદ સંસદમાં સવાલ પૂછવા કે ચર્ચા કરવા માટે જાયછે કે પછી એ દર્શાવવા માટે કે તેઓ કયા-કયા નારા લખવામાં માહેર છે? શું આ એ કામ છે જેનાથી સંસદની ગરિમા વધે છે? એનાથી મોટી વિટંબણા શી હોય કે જે સંસદના કામકાજને સુનિયોજિત રૂપે ખોરવવામાં આવે છે, તેને જ પવિત્ર સદન કે પછી જન-આકાંક્ષાઓના સર્વોચ્ચ મંચ તરીકે પરિભાષિત કરવામાં આવે? આખરે આમ જનતાએ એવી અપેક્ષા રાખી હશે કે સાંસદો સંસદમાં નારેબાજી કરે? સમજવું મુશ્કેલ છે કે જ્યારે સરકાર એમ કહી રહી છે કે તે વિપક્ષ તરફથી ઉઠાવવામાં આવેલ તમામ મુદ્દા અને ખાસ કરીને પંજાબ નેશનલ બેંકમાં કૌભાંડ પર પણ ચર્ચા માટે તૈયાર છે, ત્યારે વિપક્ષ સંસદના કામકાજને બાધિત કરવા કેમ તત્પર છે? આવું પહેલીવાર નથી થયું જ્યારે વિપક્ષ જે મામલે કથિત રીતે ચિંતિત કે પછી નારાજ દેખાઈ રહ્યા છે, તેના પર ચર્ચા કરવાને બદલે હોબાળો કરી રહ્યા છે. અસલમાં હવે આ નવો સંસદીય રિવાજ બની ગયો છે કે કોઈ જ્વલંત મુદ્દા પર સાર્થક ચર્ચા કરવાને બદલે જ્યાં હંગામો-હોબાળો કરવામાં આવે.

૧૧મી માર્ચને રવિવારે સઘન પોલીયો ઝુંબેશનો બીજા રાઉન્ડ

આણંદ, પલ્સ પોલીયો અભિયાન સ્ટીયરીંગ કમિટિના અધ્યક્ષ અને જિલ્લા કલેકટર ડૉ.ધવલ પટેલે આણંદ જિલ્લાના નાગરિકોને તા. ૧૧/૩/૨૦૧૮ ના રવિવારના રોજ તેમના બાળકોને આજીવન સ્વસ્થ અને અપંગતા મુક્ત રાખવા “દો બુંદ જીદગી કે” (પોલીયો અટકાવતી રસી) અવશ્ય પીવડાવવા અનુરોધ કર્યો છે.

કલેકટરશ્રીએ આણંદ જિલ્લા ના શહેરી તથા ગ્રામ્ય વિસ્તાોર તેમજ વધુ અવરજવરવાળા વિસ્તા ર, સ્ટેઅટ હાઈવે એક્સપ્રેસ હાઈવે, ટોલનાકા, આણંદ જિલ્લા માં પ્રવેશના તમામ રસ્તાાઓ, રેલ્વેશ સ્ટેઆશનો, ચાર રસ્તા ઓ, ઈટ ભઠ્ઠાઓ/બીલ્ડીંવગ કન્સ્ટ્રકશનમાં કામ કરતા કામદારોના કે ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા બાળકો પોલીયોની રસીથી વંચીત ન રહે તે જોવા આણંદ જિલ્લાની પલ્સ પોલિયો અભિયાન અંગે મળેલ સ્ટીયરીંગ કમિટિની બેઠકમાં સંબંધિત અધિકારીઓને કહયુ હતું.

પલ્સ પોલીયો અભિયાનને સફળ બનાવવા આણંદ જિલ્લાની આરોગ્ય શાખાએ પલ્સ પોલિયો અભિયાનના બીજા ચરણમાં જિલ્લાના નવજાત થી પાંચ વર્ષ સુધીની ઉમરના અંદાજીત ૨,૫૩,૭૨૧ બાળકોને પોલીયોની રસીનો ડોઝ પીવડાવવાનું વ્યાપક આયોજન કર્યું છે.

જિલ્લાના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં ૧૧૪૪ રસીપાન બુથ માટે ૧૬૦ મોબાઈલ ટીમ અને ૭૧ ટ્રાન્ઝીટ ટીમ દ્વારા આ કામગીરી કરવામાં આવશે. જિલ્લાનું એકપણ બાળક પોલીયો રસીથી વંચીત ન રહે તેવુ સઘન આયોજન આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે.

પલ્સે પોલીયો અભિયાન અંતર્ગત શહેરી તથા ગ્રામ્ય વિસ્તુારમાં પોલીયો અટકાયતી રસી પીવડાવવાની જાગૃતિનો સંચાર કરવા જન સમુદાયમાં પોલીયો ઝુબેશ અંગેની જાગૃતિ આવે તે માટે દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના કર્મચારીઓ/ આશા વર્કર બહેનો દ્વારા વ્ય ક્તિગત સંપર્ક તથા પ્રચાર રેલીઓનું પણ જિલ્લામાં આયોજન કરાયુ છે. જિલ્લાબ /તાલુકા પંચાયતના સદસ્યો , સરપંચશ્રીઓ પણ આ અભિયાનમાં સહભાગી થશે. આરોગ્ય/મહેસુલ વિભાગ/તમામ નગરપાલિકા વિસ્તાગરના અધિકારીઓ, તાલુકા લાયઝનીગની કામગીરીમાં જોડાનાર છે. જયારે પલ્સ પોલિયો અભિયાનના પ્રથમ ચરણમાં જિલ્લાના આરોગ્ય વિભાગના કર્મીઓ દ્વારા ૨,૫૩,૭૨૧ બાળકોને પોલિયો રસી પીવડાવવાના આયોજનની સામે આરોગ્ય ટીમો દ્વારા ડોર ટુ ડોર અને અંતરિયાળ વિસ્તારોમાં સંપર્ક કરીને ૨,૫૭,૭૮૯ બાળકોને પોલિયોની રસી પીવડાવી હતી. આમ જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા પોલિયો રસી પીવડાવવાના પ્રથમ ચરણમાં ૧૦૧.૬૦ ટકા સિધ્ધિ હાંસલ કરવામાં આવી હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ બેઠકમાં જણાવ્યું હતું.

સદાય અંત:કરણની સત-ચિત-આનંદની સ્થિતિમાં રેહવું તે શક્તિનું મોટામાં મોટું પ્રદર્શન છેઃ સ્વામી તદ્રુપાનંદ

"અષ્ટાવક્ર ગીતા ચિંતન સત્ર" પ્રવચન શ્રેણીમાં રાજા જનક અને ઋષિ અષ્ટાવક્ર વચ્ચેનો સંવાદ આગળ ધપાવતા સ્વામી તદ્રુપાનંદજી જણાવે છે કે, આખા વિશ્વમાં એક માત્ર આત્મા જ આમિશ્ર અને શાશ્વત છે અને આમ હોવાથી તેને જન્મ નથી કે મૃત્યુ પણ નથી. આત્મા મૃત્યુ રહિત, અવિનાશી અને જ્ઞાનનું સનાતન સાર-તત્વ છે. શરીરમાં રહેલો આત્મા તો કાળનો પણ સાક્ષી છે અને એટલે જ જન્મ-મૃત્યુથી પર કાળાતીત છે.

અંતઃકરણની સત-ચિત-આનંદની સ્થિતિમાં જવું તે સ્થિતિ નિષ્ક્રીયતાની નથી પણ અતિ સક્રિયતાની છે. કારણ કે શાંત અને સ્વસ્થ રહેવું તે શક્તિનું મોટામાં મોટું પ્રદર્શન છે. જેમ તરંગો શાંત થાય ત્યારે સરોવરનું તળિયું સ્પષ્ટ જોઈ શકાય છે તેમજ મન શાંત થાય ત્યારે તેનું સાચું સ્વરૂપ જાણી શકાય છે. તેથી જ ઋષિ અષ્ટાવક્ર રાજા જનકને શિતલાશય થઈ મિથ્યા જગતને અવગણીને માત્ર શરીરની અંદર તથા બહાર આખા વિશ્વમાં વિસ્તરેલ પરમતત્વ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવા ઉપદેશ આપે છે. વધુમાં મુનિ અષ્ટાવક્ર જણાવે છે કે જેવી રીતે ઘડામાં રહેલું આકાશ અને તેની બહાર રહેલું સર્વવ્યાપક આકાશ એ એક જ છે તેવી જ રીતે સમસ્ત પ્રાણીમાત્રમાં આત્મારૂપે અને બહાર નિત્ય, અવિનાશી, બ્રહ્મ રૂપે રહેલું પરમતત્વ પણ એક જ છે.

પેસેન્સ અમદાવાદમાં નોકરીયાત અને પગારદાર યુવાનો માટે એપ લોન્ચ કરે છે

અમદાવાદ, ભારતની સૌથી ઝડપથી વિકાસ પામી રહેલી ધિરાણની એપે આજે ગુજરાતના અમદાવાદ, મહેસાણા, ગાંધીનગર અને વડોદરા ખાતે તેમની કામગીરીની લોન્ચિંગની જાહેરાત કરી હતી. પેસેન્સ એ મૂળભૂત રીતે પગારદાર વર્ગની આર્થિક જરૂરિયાત પૂરી કરવા ૫,૦૦૦ રૂપિયાથી લઈને ૨ લાખ રૂપિયા સુધીની લોન બે-ચાર ક્લિકમાં પૂરી પાડે છે. આખી લોન લેવાની પ્રક્રિયા તેમણે સ્વચાલિત બનાવી દીધી છે જેના દ્વારા તેઓ પાંચ મિનિટ જેવા ઓછા સમયગાળામાં લોન આપી શકે છે. આ એપનો ગ્રાહક વર્ગ ૭,૫૦,૦૦૦ વપરાશકારોનો છે અને પેસેન્સે અત્યાર સુધીમાં પચાસ હજાર લોકોને લોન આપી છે. આ એપને તેના વપરાશકારો દ્વારા પાંચમાંથી ૪.૧નું રેટીંગ આપવામાં આવ્યું છે.

પેસેન્સ એવા યુવાન અને જરૂરિયાતમંદ વ્યવસાયિકોને ઝડપી અને સરળ લોન આપવાનો ઉકેલ પૂરો પાડવાનો ઈરાદો ધરાવે છે જેમને તેમના બિનઆયોજિત અને અણધાર્યા ખર્ચ માટે મહત્તમ સગવડ સાથે ટૂંકા ગાળાની લોનની જરૂરિયાત હોય છે, એમ પેસેન્સના સહસ્થાપક અને સીઓઓ સાયલી કરંજકરે જણાવ્યું હતું.

અમદાવાદ શહેર ગુજરાતનું ઔદ્યોગિક અને આર્થિક કેન્દ્ર હોવાથી આ શહેરમાં કામ કરતા ગુણવત્તાસભર જીવન જીવવા ઈચ્છુક મહત્ત્વાકાંક્ષી વ્યવસાયિકોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે. અમુક સમયે ટૂંકુ વેકેશન, ટુ વ્હીલરની ખરીદી અને તબીબી કટોકટી જેવા અણધાર્યા ખર્ચાઓ તેમનું માસિક બજેટ ખોરવી નાખે છે. આવા સમયે પેસેન્સ તેમને વિવિધ રિપેમેન્ટના વિકલ્પ સાથે ટૂંકા ગાળાની લોનના રૂપમાં આર્થિક સહાય પૂરી પાડી તેમના પર્સમાં ગાબડું પાડ્યા સિવાય (આર્થિક રીતે બેહાલ થયા સિવાય) તેમના રોકડના પ્રવાહને સરળ બનાવવામાં સહાય કરે છે. (૩-૧)

Edi:Mayur C. Bhatt, Printer & Publisher-Owner : Kalyani Pub. PVT. LTD., Place of Pub: 37/A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-Place of Printing : Mahadev Offset, B-4, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19 Owner: Mayur C. Bhatt.

રાજકોટ શહેર અને જિલ્લાને પીવાના પાણીની કોઇ તકલીફ ના પડે તેના આગોતરા આયોજનની સમીક્ષા કરતા હારિત શુક્લા

રાજકોટ, રાજકોટ જિલ્લામાં રાજ્ય સરકારી ફ્લેગશીપ યોજનાના અમલીકરણ અને પ્રગતિની પ્રભારી સચિવ શ્રી હારિત શુક્લએ સમીક્ષા કરી હતી. ખાસ કરીને આગામી ઉનાળામાં રાજકોટ શહેર અને જિલ્લાને પીવાના પાણીની કોઇ તકલીફ ના પડે તેના આગોતરા આયોજનની જાણકારી પણ તેમણે મેળવી હતી.

રાજ્ય સરકારીની વિવિધ કચેરીઓના વડાઓની ઉપસ્થિતિમાં યોજાયેલી સમીક્ષા બેઠકના પ્રારંભે કલેક્ટર ડો. વિક્રાંત પાંડે અને અધિક પોલીસ કમિશનર શ્રી ભટ્ટે પ્રભારી સચિવશ્રીનું સ્વાગત કર્યું હતું અને બાદમાં યોજનાકીય બાબતોની સમીક્ષા કરવામાં આવી હતી.

શ્રી શુક્લાએ જણાવ્યું કે રાજ્ય સરકાર આરોગ્ય અને પોષણની બાબતને અગ્રતા આપી રહી છે. સરકારના દિશાનિર્દેશ પ્રમાણે સૌએ લોકકલ્યાણ માટે સારી રીતે કામગીરી કરવાની છે. ગુજરાતમાં વિકાસના ભૌતિક કાર્યો મોટા પ્રમાણમાં કરવામાં આવ્યા છે. હવે, સામાજિક વિકાસની બાબતોને રાજ્ય સરકાર અગ્રતા આપી રહી છે. તેથી, તેમાં આરોગ્ય અને પોષણની બાબતો ખાસ લક્ષ્યમાં લેવામાં આવે છે. ફ્લેગશીપ યોજનાઓની સમીક્ષા કરવા માટે રાજ્યકક્ષાએ એક ટાસ્ક ફોર્સ કમિટિની રચના કરવામાં આવી છે. જે યોજનાઓની પ્રગતિનું મૂલ્યાંકન કરી રહી છે. તેની અઠવાડિક સમીક્ષા કરવામાં આવે છે.

પ્રભારી સચિવશ્રીએ વધુમાં કહ્યું કે કેન્દ્ર સરકારની યોજનાઓમાં હવે તો રાજ્યનું રેન્કિંગ કરવામાં આવે છે. તેની કેન્દ્ર સરકારની યોજનાઓનો લાભ લોકોને સરળતાથી અને મહત્તમ રીતે મળે એ રીતે આયોજન કરવા પડશે. વિધાનસભા અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી પૂર્ણ થઈ ગઈ છે. એટલે, નિયમિત કામગીરીની પ્રગતિમાં ગતિ લાવવી પડશે.

પાછલા ચોમાસામાં વરસાદ ઓછો પડવાના કારણે આ ઉનાળામાં પીવાના પાણીની અછત ન સર્જાય એ માટે રાજકોટ જિલ્લામાં ઘડી કાઢવામાં આવેલા માસ્ટર પ્લાનની શ્રી શુક્લએ સમીક્ષા કરી હતી. જેમાં એવી વિગતો રજૂ કરવામાં આવી હતી કે રાજકોટના ૫૭૨ ગામો અને ૧૫ શહેરોની કૂલ ૩૦.૦૬ લાખ વસતીને ૨૦ જેટલી વિવિધ યોજનાઓને આધારે પીવાનું પાણી આપવામાં આવે છે. ૪૪૪ ગામોને નર્મદા આધારિત પાઈપ લાઈનથી પાણી આપવામાં આવે છે. નર્મદા અને મહિનું પાણી ૨૬૬ ગામોને મળે છે. ડેમ, બોર અને કૂવાના સ્ત્રોતના આધારે ૧૦૨ તથા સ્થાનિક સ્ત્રોતમાંથી પાણી મેળવતા ગામોને સંખ્યા ૨૦૪ છે. ૮ શહેરોને નર્મદા અને મહિ તથા ૭ શહેરોને ડેમ આધારિત યોજનામાંથી પાણી આપવામાં આવે છે.

૩૧ જુલાઇ સુધી રાજકોટ જિલ્લાને પીવાના પાણીની કોઇ સમસ્યા નડશે નહીં. એ બાદ જ્યાં જરૂર પડશે ત્યાં ટેન્કરથી પાણી આપવામાં આવશે. ટેન્કરના ભાવો મંજૂર કરી દેવામાં આવ્યા છે અને ફાળવણીની સત્તા નાયબ કલેક્ટરશ્રીને આપવામાં આવી છે.

આ બેઠકમાં આરોગ્ય, પુરવઠા, ગ્રામ વિકાસ, માર્ગ અને મકાન, સંકલિત બાળ વિકાસ, કૃષિની યોજનાની સમીક્ષા કરવામાં આવી હતી.

આ વેળાએ જિલ્લા વિકાસ અધિકારી શ્રી જી. ટી. પંડ્યા, નિવાસી અધિક કલેક્ટર શ્રી હર્ષદ વોરા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જીસીસીઆઇ રીજનલ કાઉન્સીલની રચનાથી રાજ્યના તમામ વિસ્તારોના વ્યાપાર-ઉદ્યોગ ક્ષેત્રની સમસ્યાઓના નિરાકરણમાં સરળતા થઈ છે

વડોદરા, નવરચિત જીસીસીઆઇ રીજનલ કાઉન્સીલની ત્રિમાસીક બેઠક પ્રસંગે અધ્યક્ષશ્રી શૈલેષ પટવારીએ જણાવ્યુ હતું કે રાજ્યની ૦૯ કાઉન્સીલ્સના આ સમન્વીત મંચથી રાજ્યના તમામ વિસ્તારોના વ્યાપાર-ઉદ્યોગ ક્ષેત્રની સમસ્યાઓના કેન્દ્ર અને રાજ્ય સરકાર સમક્ષ તેમજ યોગ્ય મંચો સમક્ષ રજુઆત અને નિરાકરતામાં સરળતા થઇ છે. તેમણે જણાવ્યુ હતું કે ખાસ કરીને નાના-મધ્યમ ઉદ્યોગોને તેમનો અવાજ સંભળાતો ન હોવાનો વસવસો હતો જેને આ કાઉન્સીલની રચાનાથી યોગ્ય માર્ગ મળ્યો છે. તેમણે રાજ્ય સરકારના કાઉન્સીલ સહયોગી અભિગમની તથા મુખ્યમંત્રીશ્રીએ કાઉન્સીલના પ્રતિનિધિઓને નિયમિત સમયાંતરે મળવા, સાંભળવા અને સંવાદ સાધવાની દર્શાવેલી તત્પરતાની પ્રસંશા કરી હતી. તેમણે જણાવ્યુ હતું કે વડોદરાની જીઆઇડીસી એસ્ટેટમાં મ્યુનીસીપલ તેમજ એસ્ટેટના ડબલ ટેક્સીસની અને વડોદરામાં મંજુર થયેલા કન્વેન્શન સેન્ટરના નિર્માણમાં વિલંબની જે સમસ્યા છે, તેનું નિરાકરણ આણવા રીજનલ કાઉન્સીલ સક્રિયતા દાખવશે. અમદાવાદની ઔદ્યોગિક વસાહતોની ડબલ ટેક્સેશનની મુશ્કેલીઓનો વાજબી ઉકેલ આણી શકાયો એની તેમણે માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતું કે વિશ્વના વિવિધ દેશોમાં પ્રારંભિક મુશ્કેલીઓ પછી જીએસટીનો સફળ અમલ થયો છે. જીએસટીએ કોઈપણ દેશ માટે સારામાંસારો કર કાયદો છે. તેનાથી પ્રમાણિક વેપારીઓને ખૂબ ફાયદો થશે અને તંદુરસ્ત સ્પર્ધાને વેગ મળશે. જીએસટીમાં ૨૮%નો સ્લેબ ખૂબ જ ઉંચો અને અનિચ્છનીય છે. તેના વિકલ્પે ૧૬% અને ૫%ના કોમન સ્લેબ્સ અપનાવવા કાઉન્સીલ સરકાર સમક્ષ વિગતવાર રજુઆત કરશે. જીએસટી વિષયક વાજબી મુશ્કેલીઓના નિરાકરણ માટે કાઉન્સીલે પીએમઓમાં કરેલી રજુઆતના પગલે ૪૮ કલાકમાં સકારાત્મક ઉકેલો મળ્યા હતા એમ તેમણે ઉમેર્યુ હતુ.

ઉદ્યોગો ધ્વારા સીએસઆરની જોગવાઈઓ અનુસાર ગુજરાતના એકમોએ વાર્ષિક રૂ.૮૦૦ કરોડની સામાજિક જવાબદારી અદા કરવાની પ્રવૃત્તિઓ કરવી પડે એવી જાણકારી આપતા શ્રી પટવારીએ જણાવ્યુ હતું કે તેને અનુલક્ષીને કાઉન્સીલે પીપીપી ધોરણે, દાતા, કાઉન્સીલ અને સરકાર સહયોગી સમાજ ઉપયોગી પ્રકલ્પોનું આયોજન હાથ ધર્યું છે. પ્રવાસનને સરળ અને વેગવાન બનાવવા ધોરીમાર્ગો પર હાઇજીનીક ટોઇલેટસ-આરોગ્યપ્રદ શૌચાલયોની જરૂર છે. આ દિશાની એક પહેલના રૂપમાં અમદાવાદ-સાસણ-સોમનાથ વચ્ચે પ્રત્યેક રૂ. ૮ લાખના ખર્ચ, ૦૬ ઈકો ટોઈલેટસ બનાવવાનું આયોજન કર્યુ છે જેના અમલીકરણમાં સોમનાથ ટ્રસ્ટ અને ગુજરાત સરકારને સહભાગી બનાવશે. આ ઈકો ટોઈલેટસના સ્થળે મીની ફૂડઝોન્સનું આયોજન કરાશે. આ ઉપરાંત ગુજરાત ટુરીઝમના સહયોગથી પ્રવાસન સ્થળો માટે ટુરીસ્ટ ગાઇડસને તાલીમ આપવાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

કાઉન્સીલે ઉત્તર ગુજરાતના પૂરપ્રભાવક વિસ્તારના એક ગામને દત્તક લેવાનુ આયોજન કરવાની સાથે પૂરપીડીતોને રૂ. ૩૫ લાખના ફૂડ પેકેટસ પૂરા પાડ્યા ઉપરાંત રૂ. ૫૫ લાખની સાધન સહાયતા આપી હતી છે. મેડીકલ ટુરીઝમના વિકાસને કાઉન્સીલ પીઠબળ આપશે. ૦૯ ચેમ્બર્સના પદાધિકારીઓ કાઉન્સીલના ભાગરૂપે દર મહિને વિડીયો કોન્ફરન્સીગથી તેમના ક્ષેત્રના પ્રશ્નોની ચર્ચા કરશે અને દર ત્રણ મહિને બેઠક સ્વરૂપે કાઉન્સીલ મળશે. આ પ્રસંગે વીસીસીઆઇ અધ્યક્ષશ્રી નીલેશ શુક્લએ જાણકારી આપી હતી.

કૃષિમેળા અને કૃષિ પ્રદર્શન કિસાનોને ખેતીલક્ષી જાણકારી માટે આશિર્વાદ સમાન છે - કલેકટર ડૉ. ધવલ પટેલ

આણંદ, કૃષિ મેળાઓ અને કૃષિ પ્રદર્શનો કિસાનોને ખેતીલક્ષી જાણકારી માટે આશિર્વાદ સમાન છે. આવા કૃષિ મેળા અને પ્રદર્શનોના આયોજનથી કિસાનોને પોતાના ખેતરોમાં પાકોની વાવણી અને માવજત કેવી રીતે કરવી તે અંગેનું ભાથું પીરસવામાં આવતું હોય છે ત્યારે કિસાનોએ આવા કૃષિ મેળા અને પ્રદર્શનનો મહત્તમ લાભ લેવો જોઈએ તેમ જિલ્લા કલેકટર ડૉ. ધવલ પટેલ આજે તારાપુર તાલુકાના જીણજ ખાતે ખેડૂત તાલીમ કેન્દ્ર, આત્મા પ્રોજેક્ટ અને ક્રોપ ડાયવર્સિટીફીકેશન પ્રોગ્રામના સંયુકત ઉપક્રમે યોજાયેલ બે દિવસીય કૃષિ મેળો અને કૃષિ પ્રદર્શનને ખૂલ્લો મૂકતાં કહ્યું હતું.

કૃષિ મેળો અને કૃષિ પ્રદર્શનને ખૂલ્લો મૂકયાં બાદ જિલ્લા કલેકટર ડૉ. ધવલ પટેલ રાજય સરકાર દ્વારા આજે આંતરરાષ્ટ્રીય વિશ્વ મહિલા દિન નિમિત્તે અવતરિત થનાર દીકરીને નન્હી પરી અવતરણ તરીકે વધાવવામાં આવી રહી છે ત્યારે તારાપુર ખાતેના સામૂહિક આરોગ્ય કેન્દ્ર દીકરીને જન્મ આપનાર પરિવારજનોનું અભિવાદન કરવા પહોંચી ગયા હતા. અને પરિવારજનોને ચાંદીનો સિકકો, મમતા કીટ, મીઠાઇ અને પુષ્પગુચ્છ આપી દીકરી જન્મના વધામણાં કર્યા હતાં. કાર્યક્રમના અતિથિવિશેષપદેથી આણંદ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ અધિકારી ડૉ. અરૂણ પટેલે ધરતીપુત્રોને ગુણવત્તાયુકત ઉત્પાદન કરીશું તો ઉત્પાદન કરવામાં આવેલ પાકને દેશ-વિદેશમાં નિકાસ કરી શકીશું તેટલું જ નહીં પણ આર્થિક રીતે પણ સધ્ધર બની શકાય છે તેમ કહ્યું હતું. તેમણે કિસાનોને ચોકસાઈપૂર્વક ખેતીન આયોજન કરવા, યોગ્ય પ્રમાણમાં માપણી કરી વાવણી કરવા અંગેની સમજ આપતાં કહ્યું હતું કે, જો આપણે ચોકકસ માપણી કરીને પાકનું વાવેતર કરીશું તો જેટલો પાક આપણને મળવો જોઈએ તેટલું મેળવી શકીશું પણ જો આપણે માપણી કર્યા વગર પાકનું વાવેતર કરીશું તો આપણને જેટલા પ્રમાણમાં ઉત્પાદન મળવું જોઈએ તે મળતું નથી જેના કારણે આર્થિક નુકશાન સહન કરવું પડે છે. જે નુકશાન સહન ન કરવું પડે તે માટે ખેતીનું ચોકસાઈપૂર્વક આયોજન કરવું જોઈએ. તેમ જણાવી ખેતીને લગતી તમામ સમસ્યાઓના નિવારણ માટે ટોલ ફ્રી નંબર-૧૫૫૧ ઉપર સંપર્ક કરવા કિસાનોને સુચવ્યું હતું.

આ પ્રસંગે નવાગામના મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડૉ. એમ. બી. પરમારએ ડાંગર અને ઘઉં પાકની ખેતી વિશેની જાણકારી આપી હતી. આણંદ કૃષિ યુનિવર્સિટીના વેટરનરી કોલેજના પ્રાધ્યાપકડૉ. જીતુભાઈ નાયકે પશુપાલન અંગેની સમજ આપતાં પશુઓને યોગ્ય પ્રમાણમાં પાણી આપવા, સમયસર રસીકરણ કરવવા, કૃમિનાશક દવાઓ આપવા અંગેની સમજ આપી હતી. જયારે આણંદ કૃષિ યુનિવર્સિટીના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. શૈલેશભાઈ પટેલે પાકમાં રોગ/જીવાત નિયંત્રણની સાથોસાથ ખર્ચાળ/બિનખર્ચાળ રોગ/જીવાત નિયંત્રણ કરવા અંગેની સમજ આપી હતી.

આ પ્રસંગે ખેતીવાડી વિભાગમાં સતત ૩૬ વર્ષ સુધી નિષ્ઠાપૂર્વક ફરજો બજાવનાર કર્મશીલ કર્મયોગી શ્રીમતી કૈલાસબેન મહેતા કે જેઓએ ખાસ કરીને ફરજોના સમયગાળા દરમિયાન આદિવાસી વિસ્તારમાં કૃષિ, શિક્ષણ, આરોગ્ય ક્ષેત્રે પ્રેરણાદાયી કામ કર્યું હતું તે બદલ આજે મહિલા વિશ્વ આંતરરાષ્ટ્રીય દિને જિલ્લા કલેકટર ડૉ. ધવલ પટેલના હસ્તે શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં ખેડૂત તાલીમ કેન્દ્ર, આણંદના નાયબ ખેતી નિયામક(તાલીમ) ડૉ. આર. બી. પરમારે સ્વાગત પ્રવચન કર્યું હતું. જયારે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે આ પ્રસંગે યોજવામાં આવેલ હરીફાઈમાં વિજેતા તાલીમાર્થીઓને ઈનામ વિતરણ અને ૨૦૧૫-૧૬ તાલુકા કક્ષાના વિજેતા ખેડૂતોને ઈનામ અને ખેડૂતોને હેન્ડ ટુલ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઝારોલાના પ્રગતિશીલ ખેડૂત શ્રી જયેશભાઈ પટેલે પશુપાલન વ્યવસાય ક્ષેત્રે વધુ દૂધ કેવી રીતે મેળવી શકાય તે અંગેના પોતાના અનુભવો વર્ણવ્યા હતા. જયારે પોરડાના પ્રગતિશીલ ખેડૂત શ્રી જીતેન્દ્રભાઈ બી. પટેલે પોતાના અનુભવો વર્ણવતાં કિસાનોને શારીરિક અને આર્થિક રીતે પાયમાલ કરતા તમાકુ પાકના વાવેતરના બદલે પાક ફેરબદલ કરવાનું જણાવી પોતે અત્યારસુધી તમાકુના પાકનું વાવેતર કરતાં હતાં પરંતુ તમાકુ પાકના કારણે થતાં નુકશાન અને પરિવારમાં તેનાથી થયેલ નુકશાને પોતાને અન્ય પાક તરફ વાળતાં આજે તમાકુ પાકને નેસ્તનાબૂદ કરી દીધો હોવાનું કહયું હતું.

કૃષિ મેળા પ્રસંગે કિસાનોને ખેતીલક્ષી જાણકારી મળી રહે તે માટે સરકારના વિવિધ વિભાગો સહિત અન્ય કંપનીઓના મળી કુલ ૩૦ પ્રદર્શન સ્ટોલોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી ચિરાગ પટેલ, ગામના સરપંચ શ્રી ભાઈલાલ પટેલ, આત્મા પ્રોજેકટના અધિકારીઓ, ક્રોપ ડાયવર્સિટીફીકેશન પ્રોગ્રામના અધિકારીઓ, પ્રગતિશીલ ખેડૂતો, અગ્રણી નાગરિકો હાજર રહયા હતા. જયારે આજે આંતરરાષ્ટ્રીય વિશ્વ મહિલા દિન નિમિત્તે મહિલાઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

દીકરીઓના જન્મદરમાં વૃધ્ધિ આવે તે માટે સરકારની સાથે જનજનને દીકરી જન્મના વધામણાં કરવા આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાનો અનુરોધ

આણંદ, ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા બેટી બચાવો-બેટી પઢાઓ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ દીકરીના જન્મ પ્રમાણ પ્રતિ જનજાગૃતિ કેળવાય અને દીકરીના જન્મ પ્રત્યે સમાજની સંવેદનશીલતા વધવાની સાથે દીકરીના જન્મદરમાં વૃધ્ધિ આવે તે માટે સરકારની સાથે જનજનને દીકરી જન્મના વધામણાં કરવા આજે પેટલાદ ખાતે રાજયના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ અનુરોધ કર્યો છે.

આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે રાજય સરકાર દ્વારા મહિલા શકિતને બિરદાવવા માટે સમગ્ર રાજયમાં આજે ગુજરાતમાં જન્મ લેનાર પ્રત્યેક દીકરીને “ નન્હી પરી અવતરણ ” તરીકે વધામણાં કરવાના વિશેષ કાર્યક્રમના ભાગરૂપે રાજયના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ એસ.એસ.હોસ્પિટલ ખાતે ખાસ હાજરી આપીને આજે જન્મ લેનાર ચાર દીકરીઓના પરિવારજનોને એક તરફ લક્ષ્મીજી અને બીજી તરફ સરસ્વતી માતાની મુદ્રાવાળો પાંચ ગ્રામ ચાંદીનો સિકકો, મમતા કીટ અને મીઠાઈની પુષ્પગુચ્છ અર્પણ કરી દીકરી જન્મને ઉમળકાભેર આવકાર આપ્યો હતો.

શ્રી વસાવાએ આ પ્રસંગે દીકરીઓની સંખ્યામાં વધારો થાય તે માટે ગુજરાત સરકારની સાથે ગુજરાતના જનજન અને દરેક સમાજે પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવવું જોઈએ તેમ જણાવી આજે જન્મ લેનાર દીકરીઓનું ભાવિ ઉજ્જવળ અને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના સંદેશ સાથે પાઠવી હતી. પેટલાદ ખાતેની એસ.એસ. હોસ્પિટલમાં તા.૮મીના રોજ શ્રીમતી જયોતિબેન ભાવેશભાઈ પૂનમભાઈ વાઘરી, શ્રીમતી તેજલબેન રાહુલભાઈ રમણભાઈ તળપદા, શ્રીમતી તબસુમબાનુ હાસફરજજાક નિશારએહાદ મલેક અને શ્રીમતી રીઝવાનાબાનુ મહમદજુનેદ વજીયોદીન કાદરીની કૂખે જન્મેલ દીકરીઓના મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ ખબરઅંતર પૂછી તમામ જન્મ લેનાર દીકરીઓ તંદુરસ્તી અંગેની જાણકારી મેળવી તમામ દીકરીઓ તંદુરસ્ત હોવા પ્રતિ સંતોષની લાગણી વ્યકત કરી હતી.

આ પ્રસંગે પેટલાદ એસ.એસ.હોસ્પિટલના સિવિલ સર્જન ડૉ. નીમીત કુબાવતએ મંત્રીશ્રીને હોસ્પિટલમાં કાર્યરત તબીબોની ઓળખ કરાવી હોસ્પિટલ દ્વારા કરવામાં આવતી કામગીરીની વિગતો આપી હતી જેનાથી મંત્રીશ્રીએ સંતોષ વ્યકત કરી હોસ્પિટલની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

આંતરરાષ્ટ્રીય મહિલા વિશ્વ દિન નિમિત્તે હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિના એકાઉન્ટ વિભાગમાં ફરજ બજાવતાં કુલસુમબેન મોમીન છેલ્લા સાત વર્ષથી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવીને સમગ્ર હોસ્પિટલની કામગીરી કરી રહ્યાં છે તેણીનું મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી વસાવાએ સમાજમાં મહિલાઓ આગળ વધીને પ્રગતિ કરે તેમજ સમાજમાં મહિલાઓનું દરેક જગ્યાએ પ્રતિનિધિત્વ જળવાય માટે રાજય સરકાર કટિબધ્ધ હોવાનું કહ્યું હતું. આ પ્રસંગે પૂર્વ મંત્રી શ્રી સી.ડી.પટેલ, જિલ્લા અગ્રણી શ્રી મહેશભાઈ પટેલ, પેટલાદ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી જૈમીનીબેન પટેલ સહિત શહેરના અગ્રણીઓ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર. બી. પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

સૌંદર્ય બોધ

કોઈ વિષય કે વસ્તુ એક જ છે, પરંતુ તેની વ્યાખ્યા અલગ-અલગ રીતે થતી રહે છે. લોકકથા છે કે એક સંત પાસે ચાર-પાંચ લોકો આશીર્વાદ લેવા ગયા. સંતે ઉપદેશ આપ્યો કે પૂરતી ક્ષમતા તથા એકાગ્ર ભાવે કાર્ય કરવાથી લ-ય પ્રાપ્તિમાં સફળતા અવશ્ય મળે છે. ત્યારબાદ બધાને કહ્યું, જાવ, પોતપોતાના લ-ય પ્રત્યે એકાગ્રતા અને તન્મયતાથી જોડાઈ જાવ. જે પૂજારી હતો, તે પૂજાપાઠમાં, જે વિદ્યાર્થી હતો તે અધ્યયનમાં, વેપારી વ્યાપારમાં, રાજકીય કર્મચારી રાજકીય કાર્યમાં પૂરતી એકાગ્રતાથી લાગી ગયો. બધા જે કામ કરી રહ્યા હતા, તેમાં તન્મયતાથી જોડાઈ ગયા, જ્યારે પાંચમો ચોર પ્રવૃત્તિનો હતો. તેણે ઉપદેશનો અર્થ એ કાઢ્યો કે સંતે કહ્યું છે કે એકાગ્રતા અને તન્મયતાથી ચોરી કરવામાં સફળતા ચોક્કસ મળશે. તે ચોરીના કામમાં પૂરી ક્ષમતાથી જોડાઈ ગયો. આ લોકકથાથી સ્પષ્ટ છે કે જેની જે પ્રવૃત્તિ હતી, તેણે એ જ ભાવનો અર્થ કાઢ્યો. મોટાભાગે નશો કરનારા લોકો ભગવાનનું ઉદાહરણ ટાંકે છે કે ભગવાન પણ સોમરસ પીતા હતા. ભગવાન શંકર પણ ભાંગ તથા અન્ય નસીલી ચીજોનું સેવન કરતા હતા.

દિકરીઓની માવજત માટે સરકાર સજાગ અને કાર્યશીલ છે

નડિયાદ, વિશ્ર્વ મહિલા દિવસની ઉજવણીના અવસરે ખેડા જિલ્લાઓની સિવિલ હોસ્પિદટલ અને કઠલાલના આરોગ્યો કેન્દ્રં ખાતે રાજયના શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રનસિંહ ચુડાસમાના હસ્તેમ દિકરીના જન્મોના વધામણા ''નન્હીર પરી'' અવતરણ કાર્યક્રમ યોજાયો હતો. જનમેદનીને સંબોધતા શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્ર સિંહ ચુડાસમાએ જણાવ્યુ હતું કે, દિકરીઓની માવજત માટે સરકાર સજાગ અને કાર્યશીલ છે. સાચા અર્થમાં જોઈએ તો દિકરીઓ કુળ દિપક છે તે એક કુળ નહિ પરંતુ બે કુળનો ઉધ્ધાશર કરે છે. દિકરીઓની ખોટ થી સમાજનું તંદુરસ્ત સમતોલપણ ઘટી જાય અને સમાજમાં અનેક દુષણો અને ગુનાઓનું પ્રમાણ વધી જાય છે. આમ ના થાય અને સશકત, સંસ્કાતરી અને તંદુરસ્ત સમાજ જળવાઈ રહે તે માટે દિકરો દિકરી છે. માતાઓની કૂખ દિકરીઓ માટે કબ્રસ્તાકન બનવી ના જોઈએ. તેઓએ દુઃખ સાથે જણાવ્યુંક હતું કે, સને ૨૦૦૧માં એક હજાર દિકરાઓ સામે ફકત ૮૮૨ દિકરીઓ જન્મઅતી હતી. જેથી આવનારા સમયમાં સમાજનું સંતુલન બગડે નહિં તે માટે બેટી બચાવો અભિયાન ઉપાડવામાં આવ્યુંત અને તેના પરીણામે ગુજરાતમાં વર્ષ-૨૦૧૫ની આસપાસ એક હજાર દિકરીઓએ લગભગ ૯૦૭ દિકરીઓના જન્મેદર થયો હતો. પરંતુ સમયાંતરે આ જન્મએદર જળવાઈ રહયો નહિં અને હાલ ૨૦૧૭ના આંકડા મુજબ એક હજારે દિકરીઓનો જન્મુદર ૮૪૮ સુધી આવી ગયો છે. જે ઘણું જ દુઃખદ છે. આ માટે સરકારની સાથે સાથે સમાજે પણ પોતાની ફરજ અને યોગદાન આપવું પડશે. મંત્રીશ્રીના હસ્તે આજે નડિયાદ ખાતે જન્મેસલ ૧૪ સંતાનો પૈકી સાત દિકરીઓ અને સાત દિકરાઓને પણ કિટ આપી તેઓના અવતરણને વધાવ્યું હતું.

જાહેર નોટીસ

ICICI Bank
ICICI Bank Limited

રજિસ્ટર્ડ ઓફિસ : લેન્ડમાર્ક, રેસ કોર્સ સર્કલ, વડોદરા-૩૯૦ ૦૦૭.
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, મુંબઈ ૪૦૦ ૦૫૧.

સોનાની હરાજી અને આમંત્રણની નોટિસ

નીચે જણાવેલાં અરજદારોને આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ(આઈસીઆઈસીઆઈ બેંક) દ્વારા સોનાના દાગીના સામે તેમને અપાયેલી લોન (સવલત) બાકી નિકળતી રકમને પરત ભરપાઈ કરવા માટે નોટિસ આપવામાં આવી છે. સવલત હેઠળ અપાયેલી રકમને પુનઃચુકતે કરવામાં કરજદારો નિષ્ફળ નીવડ્યા હોવાથી **૨૦મી માર્ચ, ૨૦૧૮ના** રોજ ગીરવે મુકાયેલાં સોનાનાં દાગીનાની હરાજી કરવાની અમને ફરજ પડી છે.આ હરાજીમાંથી જો વધારાની રકમ પ્રાપ્ત થશે તો તેને સંબંધિત કરજદારોને પરત ચુકવાશે અને હરાજી પછી જો કોઈ ઘટ પડશે તો યોગ્ય કાનૂની કાર્યવાહી મારફતે સંબંધિત કરજદાર પાસેથી બાકી રહેલી રકમ વસૂલ કરાશે. કોઈપણ પૂર્વ માહિતી કે સૂચના આપ્યા વિના જ હરાજીમાંથી નીચે જણાવેલાં ખાતાઓમાંથી કોઈને પણ દૂર કરવાની સત્તા આઈસીઆઈસીઆઈ બેંક પાસે છે. તદુપરાંત, કોઈપણ પૂર્વ સૂચના આપ્યા વિના ઓક્શન ડેટ (હરાજીની તારીખ)ને બદલવાનો અધિકાર આઈસીઆઈસીઆઈ બેંક પાસે રાખે છે.

લોન ખાતા નંબર	ગ્રાહકનું નામ
શાખાનું નામ : બાવળા	
049605002071	દિનેશભાઈ જીવાભાઈ ભરવાડ
049605002923	ચમનભાઈ ડુંગરભાઈ મકવાણા
શાખાનું નામ : બોરસદ	
084605004300	જયેશભાઈ ઈશ્વરભાઈ પરમાર
શાખાનું નામ : દેહગામ	
171805005839	ભાનુભાઈ પટેલ
171805005850	ભેમાભાઈ રામાભાઈ રબારી
શાખાનું નામ : ધનસુરા, ગુજરાત	
364005000206	રાતાજી મોહનજી પરમાર
364005000788	રણછોડભાઈ વેરસીભાઈ રબારી
364005000796	અર્જુનસંગ મંગળસંગ પરમાર
364005001871	ગીતાબેન હાર્દિકભાઈ પટેલ

લોન ખાતા નંબર	ગ્રાહકનું નામ
શાખાનું નામ : હિંમતનગર	
045205008333	પતંજલીભાઈ લાભશંકર પંડ્યા
045205004899	કાનાભાઈ લીલાભાઈ ભરવાડ
045205006075	બળવંતસિંઘ રામાજી પરમાર
શાખાનું નામ : ઈડર	
171905002842	કન્હેયાલાલ ધુલાભાઈ પટેલ
171905005472	જિતેન્દ્રભાઈ રમેશભાઈ પ્રજાપતિ
171905005094	પ્રકાશકુમાર પ્રભાભાઈ પટેલ
171905005081	રાજેશભાઈ શામલભાઈ પટેલ
શાખાનું નામ : કડી	
044205007234	ધર્મેન્દ્ર અમૃતલાલ બારોટ
શાખાનું નામ : ખંભાત	
183205003654	ગોપાલભાઈ ભરતસિંઘ સોલંકી

લોન ખાતા નંબર	ગ્રાહકનું નામ
183205003617	જયપાલસિંઘ નરેન્દ્રસિંઘ સિન્ધા
183205002156	હર્ષદભાઈ પરમાર
183205003636	રમેશભાઈ પુજાભાઈ સિન્ધા
183205003651	ખોડુભાઈ રામસંગભાઈ ગોહેલ
શાખાનું નામ : માણસા- યાગિનીચેમ્બર્સ	
172005004300	મહેન્દ્રસિંઘ શંકરજી બિહોલા
શાખાનું નામ : મોડાસા	
084905003771	મુકેશભાઈ ડાહ્યાભાઈ ભરવાડ
084905006275	નરેશભાઈ રાઠોડ
084905006564	વિષ્ણુભાઈ પુજારા
શાખાનું નામ : પેટલાદ	
137305001459	પુનમભાઈ વણકર
શાખાનું નામ : વલ્લભવિદ્યાનગર	
008505003431	પરેશકુમાર આર રાઠોડ

હરાજી ઓનલાઈન https://Jewel-auction.procuretiger.com **પર બપોરના ૧૨.૩૦થી બપોરના ૩.૩૦ વાગ્યાની વચ્ચે ૨૦મી માર્ચ, ૨૦૧૮ના રોજ યોજાશે.** વધુ માહિતી, નિયમો અને શરતો અને હરાજીમાં ભાગ લેવા માટેની નોંધણી ઠરાવવા, ઈચ્છુક ખરીદનારાઓ વેબસાઈટમાં લોગ ઈન થાય અથવા હરાજીના પોર્ટલ પર અથવા તો બેંકનો સંપર્ક કરો. ખાસ નોંધ લો કે જો સમયમર્યાદામાં આ હરાજી પૂર્ણ થશે તો તેના પછીના દિવસે આ નિયમો અને શરતોનો આધીન હરાજી ચાલૂ રહેશે.-જો ગ્રાહક મૃત્યુ પામ્યા હશે તો તે કિસ્સામાં તેમના કાનૂની વારસદારોને પણ ઓક્શન (હરાજી)ને લગતી તમામ શરતો લાગુ પડશે.

તારીખ : ૧૦.૦૩.૨૦૧૮
સ્થળ : અમદાવાદ, આણંદ, અરાવલ્લી, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા

સહી/-
ઓથોરાઈઝ્ડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ વતી

સૂચના

કૃપા કરી આપની જાહેરખબર તથા સમાચાર અમારા નિમ્નલિખિત ઈ-મેલ પર જ મોકલશો :

lokmitra1948@gmail.com